


## સલામી સવારની..

*રહ્યું સેવામાં ઓગણીસ વર્ષ સુપ્રભાતમ્*
*ભરી રોજ સવારની સલામ સુપ્રભાતમ્*
*ચિંતન, સુવિચારનું ઉગે છે સુપ્રભાતમ્*
*જ્ઞાન ગમ્મતથી આપે છે બોધ સુપ્રભાતમ્*
*('સુપ્રભાતમ્' ૧૯ વર્ષ પૂરાં કરે છે)*

*સુપ્રભાતમ્‌ને*
*આપના હૃદય સ્થાને -*
*વીસમું બેઠું...*

*સૌ વાચકોનો*
*હૃદયપૂર્વકનો -*
*હું છું આભારી...*

### ચિંતન

**રાજ્ઞઃ પ્રતિકુલં નાચરે તે ॥**

ચાણક્ય નીતિ' ગ્રંથનું આ સૂત્ર છે :

'જે રાજાના રાજયમાં રહેતા હોઈએ રાજય અને રાજાના દ્રોહ કદાપિ ન કરવો.'

રાજયની મિલકતોનો નાશ કરવો જાહેર મિલ્કતો જે પ્રજાના વેરામાંથી પ્રજાની સુવિધા માટે જ બનાવવામાં આવી છે તેનો નાશ કરવો કે નૂકશાન પહોંચાડવું એ રાજદ્રોહ છે.

રાજયના સુશાસન માટે બનાવવામાં આવેલા કાયદાઓનો ભંગ કરી તેના વિરુદ્ધ આચરણ કરવું અને રાજયના કાયદા ન માનવા પ્રજામાં ઉશ્કેરાટ ફેલાવવો રાજદ્રોહ છે.

ગાંધીજીએ બ્રિટિશ સરકારનો વિરોધ કર્યો પણ કાયદામાં રહીને અન્યાયો અને આંતકને સહન કરી અસહકાર દ્વારા સજાઓ સહન કરી કાયદામાં રહીને 'સવિનય' કાયદાનો ભંગ કર્યો - 'સત્યનો આગ્રહ' રાખ્યો.

રાજાને સત્ય અને પ્રજાના હૃદયની વાત સમજાવવાના દ્રોહ સિવાયના અનેક રસ્તા છે.

### સુવિચાર

- સાચી ઉત્ક્રાંતિ શારીરિક વિકાસમાં નથી,
  પણ ચેતનાના વિકાસમાં છે - **રમણ મહર્ષિ**
- શ્રદ્ધા બળવાન હોય તો તે ફળ્યા વગર રહેતી નથી,
  શ્રદ્ધા કેવી રીતે જીવનમાં લાવવી એ પ્રશ્ન માણસે જાતે જ હલ કરવાનો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- નિંદાને કસોટી ગણી શાંત ચિત્તે, રાગદ્વેષ વગર તેને સહી લેવી જોઈએ - **ડો. હોમી ભાભા**
- સરળ અને શુદ્ધભાવથી કરવામાં આવેલો અભ્યાસ એ
  આત્મજ્ઞાનનું પહેલું પગથિયું છે - **અખંડ આનંદ**
- પોતાના બધા કાર્યો પૂરા થઈ જાય ત્યાં સુધી માણસનું મૂલ્યાંકન થઈ શકે નહીં - **સ્ટીફન કોવી**
- કોઈ સ્પર્ધા કદી સ્વસ્થ હોતી નથી, નિઃસ્વાર્થ સ્પર્ધા અસંભવ છે - **ડો. દિપક ચોપરા**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

ઘર, કુટુંબ, મિત્રો સંબંધોમાં કોઈ વાતે-વાદે સંઘર્ષ-ઘર્ષણ તો થયા કરે છે પણ જો સ્નેહ સાચો હોય તો ક્ષમા ભાવથી એક-મેકને માફ કરી દેવું જોઈએ. ભૂલી જવું જોઈએ પણ ઉપકાર કોઈના કદી ન ભૂલવા જોઈએ.

બે મિત્રો પ્રવાસે જતા હતા. રસ્તામાં કોઈ વિવાદ થયો મોટો હતો તેણે નાનાને ગાલ પર થપ્પડ મારી દીધી. નાનાએ રસ્તાની બાજુએ રેતીમાં લખ્યું - આજે મારા મિત્રએ મને ગાલ પર થપ્પડ મારી, દુઃખ થયું.

પાછી સફર ચાલી - ફરી ચર્ચા-વિચારણા થઈ. વચ્ચે એક નદી આવી. પાર કરવા જતાં નાનો નદીમાં પાણીમાં તણાવા લાગ્યો.

મોટાએ જીવના જોખમે નાનાને બચાવી લીધો. નાનાએ, બહાર નિકાળી, નદીની ભેખડની એક શિલા પર, અણીદાર પથ્થરથી ખોતરી લખ્યું, આજે મારા મિત્રએ મારો જીવ બચાવ્યો...

મોટાએ રેતી પર અને શિલા પર ના લખાણનું રહસ્ય પૂછ્યું, નાનો કહે, કોઈની ભૂલ-રેતી પરના લખાણની જેમ ભૂલી જવી જોઈએ. પણ ઉપકાર હૃદયમાં કાયમને માટે કોતરી રાખવા જોઈએ.

## અવિશ્વાસનું વાતાવરણ શાસક પક્ષ માટે જોખમરૂપ

**તંત્રીસ્થાનેથી....**

મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં થયેલ નીરસ મતદારનો સીધો મેસેજ એ કે પ્રજાને હવે વહીવટતંત્ર કે રાજકારણીઓ પ્રત્યે વિશ્વાસ રહ્યો નથી. રાજકારણીઓની જમાત પોતાનાં હિતો સાચવવા અને સત્તાસ્થાને ટકી રહેવા ગમે તેટલી હદે નીચી ઊતરી શકે છે એની પ્રતીતિ પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મતદારયાદીઓ સાથે થયેલાં 'ડિલિટ' - બ્રાન્ડ ચેડાં જોઈને થયા વિના રહેતી નથી. ચૂંટણીપંચો વિશે પ્રજામાં ભારે આદર ઊભો કરવાના પ્રયાસો ટી.એન.શેષનના જમાનાથી થતા રહ્યા છે. આવી શ્રદ્ધેય સંસ્થા જયારે રાજય સરકારના નેજા હેઠળ પ્રજાવિરોધી અને લોકશાહી વિરોધી આચરણ કરતી લાગે ત્યારે સ્વાભાવિક રીતે જ એની સામે નફરત જાગે. રાજય ચૂંટણીપંચે ગુજરાતની ભાજપ સરકારના હિતમાં જ તમામ નિર્ણયો લીધે રાખ્યા હતા તે સર્વવિદિત છે. ત્યાં સુધી કે રાજયમાં ચૂંટણી કરવા માટે જરુરી એવું શાંતિપૂર્ણ વાતાવરણ નહીં હોવાનો અભિપ્રાય આપી સરકારને અનુકૂળ પડે એમ ચૂંટણીઓ મોકૂફ રાખવા સુધીનો આદેશ થઈ ગયો હતો. હાઈકોર્ટે ઊધડો લઈ લીધો અને બંધારણીય રીતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નિશ્ચિત સમયે જ થઈ જવી અનિવાર્ય હોવાનું જણાવ્યું ત્યારે 'વાણિયામૂછ નીચી' ન્યાયે ચૂંટણી પંચને અદ્ધર જીવે ચૂંટણી યોજવા તૈયાર થવું પડ્યું. એમાં ચૂંટણીપંચે કેવી વેઠ ઉતારી છે, તેનું વરવું પ્રદર્શન અસંખ્ય 'ડિલિટ' કરાયેલા મતદારોના આક્રોશ સ્વરુપે જોવા મળ્યું છે. ખુદ ભાજપના જ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે પદ્ધતિસર કરાવેલું ઈ-વોટિંગ અમાન્ય ઠેરવાયું અને છયાસી વર્ષના વયોવૃદ્ધ નેતાને તાબડતોબ સદેહે વોટિંગ કરવા રાજકોટ દોડી જવું પડ્યું, તે જ શું સૂચક નથી? કેશુભાઈ પટેલને પણ 'ડિલિટ' કરાયેલ પાટીદાર મતદારોની પગંતમાં બેસાડવાની હીન ચેષ્ટા પાછળ કોણ જવાબદાર ગણાશે? ભારતીય જનતા પાર્ટી યેનકેન પ્રકારેણ ચૂંટણીની વૈતરણી તરી જવા માગતી હોય અને એમાં પાટીદાર આંદોલન નડતરરુપ લાગતું હોય તો ચૂંટણીપંચે નારાજ પાટીદારોને એમના મતાધિકારથી જ વંચિત કરી દેવા સુધીના કારસા કરવા પડે, એ કેવી વિડંબના છે! જો કે કોંગ્રેસને મત આપવા મુદ્દે પણ પાટીદાર સમાજ ભારે અવઢવ અનુભવતો હતો તે હકીકત છે. જે રીતે હાર્દિક પટેલની સભાઓમાં કે ચૂંટણીટાણે કોંગ્રેસની પ્રચાર સભાઓમાં પાટીદારો ઊમટતા હતા, એની સરખામણીએ મતદાન કરવામાં આ સમાજે ઘણી જ ઉતાસીનતા દાખવી છે. પાટીદાર સમાજ માટે પણ આ ચૂંટણી પડકાર સમી બની રહી છે. ગાજ્યા મેહ વરસે નહિં, એ કહેવત મુજબ પાટીદારો સરકાર વિરુદ્ધ ઝાઝું ઝઝૂમ્યા હોય એમ લાગતું નથી. એનો અર્થ એ કે છેલ્લા તબક્કામાં ખુદ મુખ્યમંત્રી આનંદીબેને 'ભાઈબીજ'ની વીરપસલી લેખે 'મોટી બહેન'ની લાજ રાખવા કરેલી અપીલની શહેરી પાટાદીરો પર થોડીગણી પણ અસર જરુર થઈ છે. વળી બાપુનગર જેવા વિસ્તારમાં રહેતા પાટીદારો હજુ વેકેશન મૂડમાં હોઈ વતન કે પ્રવાસ સ્થળોએથી પાછા જ નથી ફર્યા એથી સંભવિત નકારાત્મક મત ઓછા પડ્યા છે. જો કે 'ડિલિટ' કાંડ ખુલ્લો પડી જતાં આગામી દિવસોમાં યોજાયારી પંચાયતોની ચૂંટણીમાં એનો જબરદસ્ત લાભ કોંગ્રેસ મેળવી શકશે. આ મુદ્દે ભારતીય જનતા પાર્ટી, રાજય સરકાર અને સરકારના ઈશારે કામ કરતું રાજય ચૂંટણીપંચ પ્રજાને પ્રતીતિકર ખુલાસો કરી શકશે કે કેમ તે પ્રશ્ન જ અધ્યાહાર રહે છે!

## સુરેશ ભટ્ટ : મા સરસ્વતીનો ઉપાસક

- કીર્તિચંદ્ર શાહ



હું છું ઝાકળબિંદુને મને અભરકા જાગ્યા છે ઝરણાના ચિત્ર દોરવાના.

લગભગ ૪૫ વર્ષ પહેલાં શ્રી સુરેશભાઈનો રૂબરૂ પરિચય થયો તે, ત્યારબાદ ટેલિફોન અને પત્રવ્યવહારથી જળવાઈ રહ્યો છે. 'ગાંધીનગર સમાચાર'માં એઓ ૧૯ વર્ષથી અવિરત એક કોલમ લખે છે 'સુપ્રભાતમ્'. એમની એ સિદ્ધ પોતીકા વાંચકવર્ગ સમક્ષ મૂકવાનું મેં વિચાર્યુ. એ વિષેની સામગ્રી - માહિતી મંગાવી તો જોયું કે બધું જ જાજરમાન છે. મારી ધારણાથી વધુ. એમના લેખો, વિસ્તારને સંખ્યાની દૃષ્ટિએ જુઓ કે ગુણવત્તા. બધું મારા ગજા બહારનું. એમની 'સુપ્રભાતમ્' કોલમ આ વર્ષની ૨૪ નવેમ્બરે ૧૯ વર્ષ પૂરા કરશે. એ અવિરત એક પણ ખાડા વગર લખાઈ છે ને છપાઈ છે.

> અમદાવાદથી પ્રકાશિત થતું - 'મંગલ મંદિર' કચ્છી સમસ્ત સમાજનું પ્રતિષ્ઠા પામેલું માસિક છે. 'મંગલ મંદિર' માટે મુંબઈના ચિંતક અને લેખક શ્રી કીર્તિભાઈ એ. શાહે 'સુપ્રભાતમ્' વિષે લખેલો લેખ ડિસે.૧૫ના અંકમાં સ્વીકૃત છે. જે અહીં પણ પ્રસંગોચિત હોઈ, પ્રકાશિત કર્યો છે. - **તંત્રીશ્રી**

એમાં કોઈ સનસની નથી. સંઘર્ષની વાતો નથી. વિવાદો નથી.

અમારો પરિચય થયો ત્યારે એઓ શિક્ષક હતા. ત્યાંથી વધતા વધતા શિક્ષણાધિકારી બન્યા. મામલતદારનો પદ છોડીને શિક્ષક બન્યા હતા. શૈક્ષણિક ડોક્યુમેન્ટરીઓ બનાવી છે અને એવોર્ડ જીત્યા છે.

એક વખત એમના સહશિક્ષકે ગરાસદાર કુટુંબના એક નબીરાને બેસ, બેસ ધોઘાપાંચમ કહીને ઠપકાર્યો. પેલા નબીરાને ધમકી આપી કે મોટા રિસેશમાં હું બાપુ અને મોટા બાપાને બોલાવી લાવીશ અને તમને જોઈ લઈશ. એ પછીનો પિરિયડ હતો સુરેશભાઈનો. એમને આવનારી તવાઈનો અણસાર આવી ગયો. ગરાસદારની બે વર્ષની બાળકીને પણ ફોઈ કરીને બોલાવાય. વર્ગમાં સુરેશભાઈએ પોતાનો વિષય ચાલુ કર્યો અને ધીરેથી તિથિ સાથે તહેવાર જોડવાની રમત શરુ કરી. અને પુછ્યું છોકરાઓ, તેરશ સાથે કયો તહેવાર આવે? જવાબ મળ્યો. ધનતરેશ. હવે બોલો નોમ સાથે શું આવે અને દશમ સાથે શું આવે? વર્ગ આખો કોરસમાં બોલ્યો, રામનવમી-વિજયાદશમ. હવે સુરેશભાઈએ ગરાસદાર નબીરાને કહ્યું જેમ રામનવમી - વિજયાદશમ તેમ ઘોઘાપાંચમ પણ એક તહેવાર છે. એ માટે આવા આકળા થવાની જરુર નથી. એના બદલે અભ્યાસમાં ધ્યાન આપો. આમ મામલો ઉકેલાઈ ગયો.

હિસાબ ગણીએ તો એમની સુપ્રભાતમ્ કોલમના લગભગ ૬૮૦૦ ઈસ્યુ થયા હશે. આ કોલમના માળખાની રચના ને કલ્પના સમજવા જેવા છે. વૃદ્ધો, વિદ્યાર્થીઓ અને સામાન્યજન સૌને કંઈક કંઈક મળતું રહે છે.

> **ગૌરવ છે... પ્રણામ છે...**
>
> 'ગાંધીનગર સમાચાર'માં સતત ઓગણીસ વર્ષથી કલમ પ્રસાદી પીરસીને 'ગાંધીનગર સમાચાર'ને વાચકોના હૃદયમાં ગૌરવભર્યું સ્થાન અપાવનાર 'સુપ્રભાતમ્'ના કટારલેખક અને અમારા સમગ્ર પરિવારના વરિષ્ઠ આદરણીય સુરેશભાઈ ભટ્ટને પ્રણામ પાઠવીએ છીએ. આજે 'સુપ્રભાતમ્'ની વીસમી વર્ષગાંઠ છે. ઓગણીસ-ઓગણીસ વર્ષથી નિયમિત અને નીતનવાં સર્જનની ક્ષમતા ધરાવતા પૂજ્ય સુરેશભાઈ ભટ્ટે માત્ર ગાંધીનગરના નહિ પરંતુ ગુજરાતના સકારાત્મક અને સર્જનાત્મક કટાર લેખકોમાં આગવું સ્થાન ઊભું કર્યુ છે. 'સુપ્રભાતમ્'થી ગાંધીનગર સમાચારના વાચકો નીતનવી ઉર્જા પ્રાપ્ત કરે છે. લેખનકલાની સાથે-સાથે ભૂતકાળ અને આવતીકાલને એકસાથે સાંકળી આજને શણગારતા આદરણીય સુરેશભાઈને સૌ વાચક પરિવાર અને 'ગાંધીનગર સમાચાર' પરિવાર વતી પ્રણામ પાઠવીએ છીએ. આદરણીય સુરેશભાઈના તંદુરસ્ત સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ જીવન માટે પરમતત્ત્વને પ્રાર્થના પાઠવીએ છીએ.
>
> - **કૃષ્ણકાન્ત જહા**

શરુઆત થાય છે એક મુક્તકથી. બાજુમાં બે હાઈકુઓ એ બંનેમાં સાંપ્રત સમયની કોઈ પણ ઘટનાનું આલેખન કરવામાં આવે. સાંપ્રત ઘટનાઓ પ્રત્યે એઓ સજાગ તો છે જ. પણ એ વિશે સંવેદનશીલ પણ છે. અને રાજયની રાજધાનીમાં બેસીને ખુલ્લંખુલ્લા સત્તાધારીઓની ટીખળ કરી લે છે. દા.ત.

૧. બૌ ખવાઈ જાય તો યોજનાનું નામ બદલી નાખો
સત્યા મળ્યા પછી 'રામ' ને 'મંદિર' બદલી નાખો.
(ગાંધીનગર સમાચાર, ૭.૮.૨૦૧૫)

અનુસંધાન પાના નં. ૭ પર

## રહું છું છેક ઊંડે, ભારેલા અંગારની માફક, ઉપર છલ્લો મને વાંચીશ નહીં અખબારની માફક! : ખલીલ ધનતેજવી

કેટલીક વાર, એક્ચ્યુઅલી કેટલીયે વાર,
આજનાં છાપાં કરતાં ગઈકાલનું છાપું મને વધારે ગમે છે.
કેમ કે,
એક તો એ મફત-જેવામાં મળે છે.
ને બીજું કે એની અંદર ખમણ કે જલેબી પણ હોય છે...
એ ખરું
કે ખમણ કે જલેબીના પૈસા આપવા પડે.
પણ પૈસા આપ્યે એ વાનગીઓ આરોગવા તો મળે...
સાથે જ,
ખાતે ખાતે, આસ્તે આસ્તે, અંદરથી સમાચારો પણ ઊઘડતા આવે...
ને ત્યારે મને સમજાય છે કે એ રીતે એમને વાંચવાની રીત જ સાચી રીત છે..
કેમ કે,
ઘણીએ વાર એ રીતે જ લખાયેલા હોય છે.
કોકને ખમણ તળેથી ઊઘડતા સમાચાર ભાવે, કોકને જલેબીવાળા
રાઈદાણા અને લીલાં મરચાના તળેલા ટુકડાઓ વચ્ચેથી
સહસા પ્રકટતા સમાચાર પણ ઘણાને ભાવે
મને તો બધું ખાઈ લીધા પછી
અહીંના - છાપાની હાથ લૂંછતાં લૂંછતાં અંદરનું ગુજરાતી
વાંચી લેવાની લિજ્જત આવે છે...

- **સિતાંશુ યશચંદ્ર**




હમણાં જ નવનીત સમર્પણના 'દીપોત્સવી અંક'માં કવિતા વાંચવાની લિજ્જડ પડી... દીવાળી અને નવા વર્ષની બે રજામાં સળંગ બે દિવસ છાપાની પણ રજા પડી...

આપણા માંના ઘણાને સવારની ચા સાથે છાપા વાંચવાની ટેવ હોય છે... (હું પણ એમાનો જ એક છું.) ત્યારે જયારે છાપા સવારે નજરે ન પડે...ત્યારે કંઈક અજુગતુ લાગે... પણ ખરું પુછો તો ગામના સમાચાર બે દિવસ ન મળે તો કાંઈ ખાટુમોળુ નથી થઈ જતું. ઉલ્ટાનું કાંઈક રચનાત્મક કાર્ય સંપન્ન થઈ શકે છે...

આવી જ રીતે બે દિવસ ટી.વી. પણ બંધ થઈ જાય, મોબાઈલ પણ બે દિવસ બંધ થઈ જાય, તો ખરા અર્થમાં આપણે આપણા લોકોની વધુ નજીક આવી શકીએ... મોબાઈલ, કમ્પ્યૂટર (ફેસબુક, ટ્વિટર) વોટ્સ એપ, ૨૪ કલાકની ન્યૂઝ ચેનલ આ બધા પર જો સામુહિક એક સાથે બે દિવસ કાપ મૂકવામાં આવે તો આપણે આપણી પોતાની નજીક વધુ આવી શકીએ...

સમાચાર માધ્યમો એ પછી વર્તમાનપત્ર હોય કે ન્યૂઝ ચેનલ એ બધા સાધનો માહિતી માટે હોય છે... તેને માહિતી મેળવવાની રીતે વાંચવામાં કે જોવામાં આવે ત્યાં સુધી કોઈ વાંધો નથી... પણ આપણા સમાચાર માધ્યમો ખાસ કરીને ઈલેકટ્રીક મીડિયા ૨૪ કલાક ન્યૂઝ ચેનલ ચલાવવાની અબળખામાં જે વાહિયાત ન્યૂઝનો ઉકરડો આપણને પીરસે છે તે બળાત્કાર સમકક્ષનો ગુનો છે...

ફલાણા ગામના ઢીંકણા વિસ્તારની સીમમાં ગોમતી ગાયની 'લાઈવ' સુવાવડની એક્સક્લુઝીવ હેડલાઈન વચ્ચે તેના ક્લિપીંગ્સ આવે રાખે... સલમાન ખાનની લેટેસ્ટ બહેનપણીને વળી કયાંકથી શોધી લાવવામાં આવે... પાંચ જણની પૅનલ પેલી ગાયની સુવાવડનું પીષ્ટપેષણ કરતું હોય...

શું, આ ન્યૂઝ ચેનલ વાળા આપણને આટલાં 'અક્કલમથ્થા' સમજતા હશે?

પ્રિન્ટ મીડિયામાં આટલો વાહિયાત યુગ હજી શરુ નથી થયો... No Doubt ઘણા સમાચાર છાપામાં બિનજરુરી હોય છે, પરંતુ ન્યૂઝ ચેનલ જેવી થર્ડ કલાસ નોનસેન્સ ટી.આર.પી. માટેની ગધેડાને તાવ આવવા જેવા સમાચારની ભરમાર હજુ સુધી તો પ્રિન્ટ મીડિયામાં નથી શરુ એ ખુશકિસ્મતી છે...

બે દિવસ પહેલા જ જૂના લેખના કટિંગ્સ માટે બે-ત્રણ વર્ષ જૂનું છાપુ હાથમાં આવી ગયું... અને તેની હેડલાઈસમાં 'રાહુલ ગાંધીએ નીતીશકુમાર પર જે ફિટકાર વરસાવ્યો હતો.' તેનું વિશ્લેષણ હતું. લાલુ-નીતીશની તૂંતૂં-મેંમેં જેવા નિવેદન પણ કયાંક વાંચ્યા હતા... અને આજે 'મહાગઠબંધન' ના નવા રૂપકડાં નામ નીચે આ જ ત્રણેય જયા ભેગા થઈને સરકાર બનાવી રહ્યાના સમાચાર વાંચીને છીએ -

ખરેખર મજા આવે હો! જૂના એટલે કે આશરે એકાદ વર્ષ જૂના છાપા ખોલીને વાંચીએ ત્યારે આપણી લગ્નની સીડી ઊંધેથી જોવાનું ચાલુ કરીને જે મજા આવે છે, તેવો આનંદ આવતો હોય છે... જામે લગ્નનું આલ્બમ છેલ્લેથી પહેલા જોવાનું ચાલું કર્યુ ન હોય!

પરંતુ આ કવિતામાં કવિ જે કહે છે, તે તો ભજિયાની લારી પર ભજિયા ખાતા ખાતા જે છાપાના કટકા પર ભજિયા આપ્યા હોય તે કટકો વાંચવાની વાત કરી છે... તેલવાળા અને રાઈવાળા તે છાપાના કટકામાં પણ 'અચ્છે દિન આયેંગે લખ્યું હોય - બાજુમાં નરેન્દ્ર મોદીના નામ વાળો ભાગ ફાટી ગયો હોય અને નીચે 'પટેલ સમાજ દ્વારા થતી પ્રતિભા-શોધ'ની પ્રેસનોટ આવી હોય...' જરા કલ્પના તો કરો કેવી લહેજત આવે...

સમાચારપત્રનું આયુષ્ય ક્ષણિક છે... અડધી રાત્રે છાપાનો પ્રસવ થાય સવારે પ્રેમથી આળ-પંપાળ થાય અને બપોર પછી તો તેની વૃદ્ધાવસ્થા આવી જતી હોય છે... આવામાં સમાચારપત્રોમાં છપાયેલ લખાણ તથા સમાચાર વધુ જવાબદારી ભર્યા બને તેવી અપેક્ષા રહે છે.

કવિતાના બીજા ભાગમાં કવિ લખે છે કે -
યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના ગરીબ હબસીઓ
અને ગેરકાયદે મેક્સિકનો
ત્યાનાં અફલાતૂન અંગ્રેજો છાપાનાં ટુકડાઓનો
ટોઈલેટ બાદ જે ઉપયોગ કરે છે
તેની સામે ત્યાંના બોલવેચાલવે ચોખલિયા ગોરાઓનો
એકસરખો અણગમો અને વિરોધ છે...
મારો જવાબ નથી.

- **સિતાંશુ યશચંદ્ર**

એવું લાગેછે કે કવિ કહેવા માગે છે કે, જયારે તમે તમારામાં રહેલી અભિવ્યક્તિની રજૂઆત કરી દીધી હોય અને કાગળ પર ઉતારી દીધા પછી, તે શબ્દના સ્વામી તમે પોતે નથી રહેતા.

કહેવાય છે કે જયાં સુધી શબ્દ જયાં સુધી આપણા મુખમાંથી ન નીકળે ત્યાં સુધી તે આપણો ગુલામ છે, પરંતુ મુખમાંથી નીકળી ગયા પછી આપણે શબ્દોનાં ગુલામ છીએ...

ચીની દાર્શનિક ચ્યુઆંગત્ઝુએ લખ્યું છે કે - ''સસલાં પકડવાની જાળી સસલાં પકડાયાં બાદ ભૂલવાની હોય છે તે જ રીતે વિચાર વ્યક્ત થયા બાદ, સમજી લીધા બાદ શબ્દો ભૂલવાના હોય છે...''

હમણાં બે-ત્રણ વખત ફરજિયાત મોબાઈલ નેટ બંધ હતું તો ઘણાં બધાં ઠીકરાં આપણે સરકાર પર ફોડ્યા. પણ માળું... હાચું કહું તો વૉટ્સ એપની ટક-ટક વગર ના ૨૪ કલાક ઉપાધિમાંથી સમાધિ તરફની ગતિ જેવા લાગ્યા હતા.

સિતાંશુ યશચંદ્રની આજ કવિતાના અંતિમ ભાગ સાથે હવે અહીં અટકીશ... તો જ ટકીશ...

અન્નનળીના બે છેડાઓ સાથે ઉપર મુજબ
મુખ્ય મુખ્ય છાપાઓને સાંકળ્યા પછી
એ સંગે ગુજરાતી કે અંગ્રેજી એકે માં
મારે ખાસ વધારે કંઈ કવિતા કરવાની રહેતી નથી...
તો અહીં જ અટકીએ...


- jayuoza@gmail.com

## હોડીને દૂર શું? નજીક શું?



૧૯૫૪ ના નવેમ્બરની ૧૫મી તારીખે ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી (અમૂલ - આણંદ)ના વિશાળ પરિસરમાં ભારતના રાષ્ટ્રપતિ આવ્યા તે પ્રસંગ ખેડા જિલ્લાના તથા ગુજરાત રાજ્યના તમામ દૂધ ઉત્પાદકો - ખેડૂતો માટે આનંદ તેમજ ગૌરવનો હતો. દૂધ ઉત્પાદકોમાં જાગેલો એક નૂતન આત્મવિશ્વાસ દેશના અનેક લોકો જોઈ શકતા હતા. અમૂલના નવા ડેરી પ્લાન્ટનું આ દિવસે ડૉ. રાજેન્દ્રપ્રસાદ ભૂમિપૂજન કરવાના હતા. આ એક એવો ડેરી પ્લાન્ટ હતો કે જેની માલિકી ખુદ દૂધ ઉત્પાદકો ધરાવતા હતા. આ બાબત એ તેની વિશેષતા હતી. સમગ્ર દૂધના વેપારમાં થતા શોષણ તેમજ ઈજારાશાહીનો સૂર્યાસ્ત થતો જોઈ શકાતો હતો. ડૉ. રાજેન્દ્રપ્રસાદે ગુજરાતના ખેડૂતોને આ પ્રસંગે બીરદાવ્યા. સહકારી ધોરણે દૂધનો વેપાર કરવામાં આવે તો નાનાનાના અનેક દૂધ ઉત્પાદકોને વિશેષ આર્થિક વળતર મળે અને દૂધની ઉપલબ્ધિમાં વૃધ્ધિ થાય તેવો વિચાર આપનારા સરદાર પટેલની સ્મૃતિ અનેક લોકોને આ પ્રસંગે થઈ આવી. સરદાર સાહેબના આ સ્વપ્નને ભૂમિ પર ઉતારવાનું શ્રેય ચરોતરના સુપુત્ર ત્રિભોવનદાસ પટેલ તથા ડેરી ટેકનોલોજીના નિષ્ણાત ડૉ. કુરિયનને જતું હતું. white revolution નો પ્રારંભ આ પગલાથી થતો હતો. નવેમ્બર મહિનામાં જ્યારે વિશ્વભરમાં 'સહકાર સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવે છે ત્યારે ખેડા જિલ્લાની આ ઐતિહાસિક પહેલની સુખદ સ્મૃતિ થાય છે. યોગાનુયોગ આ શ્વતેક્રાંતિના જનક ડૉ. વગીસ કુરિયનનો જન્મ પણ કેરાળા રાજ્યમાં નવેમ્બરની ૨૬મી તારીખે ૧૯૨૧ માં થયો હતો. ગુજરાતને પોતાનું ઘર બનાવનારા આ સવાયા ગુજરાતીને રાજ્યના અસંખ્ય દૂધ ઉત્પાદકોનો સ્નેહ તથા સમર્થન મળ્યા હતા. આપણી આજની બજાર વ્યવસ્થામાં સહકારી ધોરણે કાર્ય કરતી સંસ્થાઓ, ખેડૂતો તેમજ દૂધ ઉત્પાદકોનું આર્થિક હિત વિશેષ સારી રીતે જાળવી શકે છે તે વાતની પ્રતીતિ અમૂલ તથા દૂધસાગર જેવી સંસ્થાઓને મળેલી સફળતા પરથી થઈ શકે છે.

ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે અને બીજા છેડે ગ્રાહકને (end user) વાજબી ભાવે તેમજ ગુણવત્તાયુક્ત વસ્તુ મળી રહે તે પ્રશ્ન દરેક સમયે એક પડકારનો વિષય બની રહેલો છે. દરેક સરકારને પણ આ પ્રશ્ન સતાવતો રહે છે અને તેના નિરાકરણ માટે પ્રયાસો થતા રહે છે. ચરોતરમાં દૂધ ઉત્પાદકોની મોટી સંખ્યા હતી. આ ઉત્પાદકોને તેમના ઉત્પાદનના વેચાણ માટે ખાનગી એજન્સીઓ પર આધાર રાખવો પડતો હતો. પેસ્તનજી નામના એક પારસી વેપારીની દૂધના વેચાણની સમગ્ર વ્યવસ્થા પર પૂરી પકડ હતી. આ વેપારીએ માખણનો પણ મોટો વેપાર શરૂ કર્યો હતો. આ માખણને પશ્ચિમી ઢબનું લાગે તેવું 'પોલસન' નામ આપવામાં આવ્યું હતું. પોલસન એક લોકપ્રિય બ્રાન્ડ બની ગઈ હતી. માખણના પર્યાય તરીકે લોકો સામાન્ય વાતચીતમાં પોલસન શબ્દનો ઉપયોગ કરતા હતા ! પોલસન તથા તેની મદદમાં રહેલા અનેક પ્રત્યક્ષ તથા પરોક્ષ સ્થાપિત હિતોને અમૂલે આત્મવિશ્વાસના બળે પડકાર્યા હતા. ત્રિભુવનદાસ જેવા નિષ્ઠાવાન તેમજ સમર્પિત સહકારી આગેવાન તેમજ ડૉ. કુરિયન જેવા વહીવટ તેમજ વિષયના નિષ્ણાંત અધિકારી સમગ્ર પ્રવૃત્તિનું આયોજનબધ્ધ સંચાલન કરતા હતા. અમૂલનો વિજયધ્વજ ખેડૂતોની મૂંગી અને મજબૂત શક્તિના બળે ફરકાવી શકાયો હતો. અનેક પડકારોને ઝીલીને સહકારી ધોરણે ગોઠવાયેલા દૂધ અને દૂધની અનેકવિધ બનાવટોના વેચાણે સ્થિરતા પ્રાપ્ત કરી છે. એકવાર શઢ ભરીને યાત્રા શરૂ કરનાર હોડીની માફક દૂધ મંડળીઓનો વિકાસ અનેક ઝંઝાવાતો સામે ટકીને નિરંતર આગળ વધેલો છે. શઢ ભરીને સફર શરૂ કરનાર હોડી ફરી ક્યાં પાછું વાળીને જૂએ છે ? કવિ ઉમાશંકર જોશીના શબ્દો યાદ આવે છે.




*એકવાર શઢ ભર્યા ફૂલ્યા*
*ને વાયરા ખૂલ્યા,*
*કે હોડીને દૂર શું ? નજીક શું ?*
*કદી ઝંઝાને વીંજણે રમંતી*
*તૂફાને ભમંતી*
*કે હોડીને દૂર શું ? નજીક શું ?*

આપણા દેશના અનેક રાજ્યોમાં 'અમૂલ પેટર્ન' નો અભ્યાસ થયો અને તેનું અનુકરણ અનેક સ્થળોએ દેશમાં કરવામાં આવ્યું. વિશ્વના પણ કેટલાક દેશોએ આ પેટર્ન મુજબ પોતાને ત્યાં દૂધના સમગ્ર વેપારનું આયોજન ગોઠવ્યું. અમૂલ ગુજરાતની ઓળખ સમાન બની રહયું. આણંદ વિશ્વના નક્શા ઉપર ગૌરવભેર મૂકાયું. ડૉ. વગીસ કુરિયનની સ્મૃતિ અનેક દૂધ ઉત્પાદકોના દિલમાં હજુ પણ તરોતાજા રહેલી છે.